Extra No. 213

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. LXVI ]          MONDAY, JUNE 23, 2025 / ASHADHA 2, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ: ૫ મી મે, ૨૦૨૫. ના સરકારી જાહેરનામા ક્રમાંક: કેવી-૨૦૨૫નો ૧૫૬ યુડીયુએચડી/એમઇએ/ઇ-ફાઇલ/૧૮/૨૦૨૫/૨૩૬૪/ એમ-ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેન્દ્રસિંહ સોલંકી,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Regarding***

**Amendment to the Delimitation of Wards and Allocation of Reserved Seats in Municipal Borough Rules, 1994**

**મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી જાહેરનામું**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૫ મી મે, ૨૦૨૫

**ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.**

**ક્રમાંકઃ કેવી-૨૦૨૫નો /૧૫૬/યુડીયુએચડી/એમઇએ/ઇ-ફાઇલ/૧૮/૨૦૨૫/૨૩૬૪/એમ:** ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના અધિનિયમ ક્રમાંકઃ ૩૪મા)ની કલમો ૬ અને ૭ સાથે વાંચતા, કલમ ૨૭૭ની પેટા-કલમ (૨) ના ખંડ (ખ) હેઠળ બહાર પાડવાના નિયમોનો નીચેનો મુસદો, સદરહુ અધિનિયમની સદરહુ કલમ ૨૭૭ની પેટા-કલમ (૩)થી ફરમાવ્યા પ્રમાણે, આથી, પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા છે અને આથી, નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ચૌદ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ નિયમોનો મુસદો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુક્ત મુદત પૂરી થાય તે પહેલાં, સદરહુ નિયમોના મુસદાના સંબંધમાં કોઇ વ્યક્તિ તરફથી ગુજરાત સરકારના અગ્ર સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને જે કોઇ વાંધો અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

**જાહેરનામાનો મુસદો**

**ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.**

**ક્રમાંક. કેવી-૨૦૨૫નો ૧૫૬/યુડીયુએચડી/એમઇએ/ઇ-ફાઇલ/૧૮/૨૦૨૫/૨૩૬૪/એમ:-** ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના અધિનિયમ ક્રમાંકઃ ૩૪મા)ની કલમો ૬ અને ૭ સાથે વાંચતા, કલમ ૨૭૭ની પેટા-કલમ (૨) ના ખંડ (ખ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો, ૧૯૯૪ માં, નિયમ ૭-ને બદલે, નીચેનો નિયમ મૂકવો:-

"૭. અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠકો, વ્યવહાર્થ હોય ત્યાં સુધી, યોજાયેલી છેલ્લી સામાન્ય ચૂંટણીની તારીખથી દર પાંચ વર્ષે, એક સામાન્ય ચૂંટણીથી બીજી સામાન્ય ચૂંટણીમાં, વારાફરતી ફાળવી શકાશે."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**મનીષ સી. શાહ,**

સરકારના નાયબ સચિવ.

----------

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.10 22:01:02 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar